નગર પ્રવાહ...

ગાંધીનગર સમાચાર

વસંત પંચમીના વધામણા



## @ગાંધીનગર

● સત્યાગ્રહ છાવણી ખાતે મહિલા કોંગ્રેસ દ્વારા બપોરે ૨ કલાકે મહિલા ઉપર થયેલા એસિડ એટેકના વિરોધમાં ધરણા યોજાશે.

● મા અંબા મંડળ દ્વારા આનંદના ગરબા શુક્રવારના રોજ બપોરે ૩ થી ૫.૩૦ કલાક દરમિયાન ડાભી શિવાજી બળદેવજીના નિવાસસ્થાન પેથાપુરના પટેલવાસ ખાતે યોજાશે.

● કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા સવારે ૧૧.૦૦ કલાકે મહાત્મા મંદિર ખાતે દ્વિતિય પદવીદાન સમારંભ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# ‘મેમો’ ઘરે આવતા ટુ વ્હીલર્સ ચાલકો હેલ્મેટના શરણે

## હાઈ ફિકવન્સી સીસીટીવી કેમેરાથી બચવા હેલ્મેટ ખરીદવા દોટ મુકી : પોલીસે ‘લાલ આંખ’ કરતા બળતામાં ઘી હોમાયું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના રાજમાર્ગો પર એકાએક હેલ્મેટ પહેરી ટુ વ્હીલર ચલાવતા કે સીટબેલ્ટ બાંધી કાર ચલાવતા વાહન ચાલકોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. નગરમાં કેટલાક મહત્વના ચાર રસ્તે લગાડાયેલા સીસીટીવી કેમેરાથી ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકોના ઘરે ફોટા સહિત મેમો મળવા લાગતા તેના પ્રત્યાઘાત રૂપે વાહનચાલકોએ હવે નિયમાનુસાર હેલ્મેટ ધારણ કરવાનું ચાલુ કરી દીધુ છે. આ ઉપરાંત પોલીસ દ્વારા પણ ટ્રાફિક મામલે કડક હાથે કામ લેવાતા હેલ્મેટ ના પહેરતા ટુ-વ્હીલર ચાલકોમાં ફફડાટ વ્યાપ્યો છે જેના કારણે નગરમાં હેલ્મેટના વેચાણમાં ઉછાળો જોવા મળી રહ્યો છે.

છેલ્લા કેટલાક સમયથી નગરના મુખ્ય ચાર રસ્તાઓ પર હાઈ ફિકવન્સી સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. આ કેમેરાની આંખે ટ્રાફિકના નિયમોનો છડે ચોક ભંગ કરતા વાહનચાલકો ઝડપાઈ જાય છે જેમને જે તે સમયના ફોટોગ્રાફ સાથેના ‘મેમો’ તેમના ઘરે મોકલી આપવામાં આવે છે. ઘરે મેમો મળવાને કારણે વાહનચાલકોને કાયદાની ચુંગાલમાંથી છટકવું અશકય બની જતા ધીમે ધીમે ટુ વ્હીલર્સ ચાલકોએ હેલ્મેટ પહેરવાની આદત કેળવવાનું મુનાસિબ માન્યું છે. આ કારણે શહેરમાં હેલ્મેટ પહેરનારાની સંખ્યા વધવા લાગી છે અને હેલ્મેટ ખરીદીમાં પણ તેજી જોવા મળી રહી છે. બાઈક, સ્કૂટર કે મોપેડ હંકારતા મોટા ભાગના વાહનચાલકો અત્યાર સુધી હેલ્મેટ પહેરવાની બાબતે આળસ દર્શાવતા હતા પરંતુ હવે આ બાબતે ઉદાસીન વલણ દાખવવાથી ઘરે પોલીસના દંડના મેમો મળવા લાગતા એકાએક વાહનચાલકો હેલ્મેટ બાબતે ગંભીર બન્યા છે.


(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરમાં મોટા ભાગના ટુ વ્હીલર્સ ચાલકોએ હેલ્મેટ ખરીદી સુધ્ધાં નહોતી પરંતુ હવે આ વાહનધારકોએ હેલ્મેટ ખરીદવાનું ચાલુ કરી દીધું છે. આ કારણે નગરમાં હેલ્મેટનું વેચાણ કરતા ફેરિયાઓ તથા ઓટોપાર્ટસના શૉ-રૂમ પર હેલ્મેટની માંગમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. ગાંધીનગરને જોડતા માર્ગો પર હેલ્મેટનું વેચાણ કરતા ફેરિયાઓને ત્યાં હેલ્મેટ ખરીદતા ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. આ કારણે હેલ્મેટના ભાવમાં પણ વધારો થયેલો જણાયો છે જે હેલ્મેટ આઈએસઆઈ માર્કાની હોય તે સામાન્ય રીતે રૂપિયા ૫૫૦થી ૧૨૦૦ સુધીની મળતી હતી તે હવે રૂપિયા ૭૦૦થી માંડીને રૂ. ૧૪૦૦ સુધીના ભાવે વેચાઈ રહી છે જયારે આઈએસઆઈ માર્કા વગરની હેલ્મેટ રૂપિયા ૫૦થી માંડીને ૩૦૦ સુધીની વેચાતી હતી તે હવે રૂપિયા ૧૫૦થી માંડીને ૪૦૦ સુધીના ભાવે વેચાઈ રહી છે. માત્ર સીસીટીવી કેમેરા જ નહી પરંતુ ટ્રાફિક પોલીસે પણ ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો પરત્વે લાલ આંખ કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે અને શહેરના અનેક ટુ વ્હીલર્સ ચાલકોએ તાત્કાલિક ધોરણે હેલ્મેટ ખરીદવાની જરૂરિયાતને પ્રાથમિકતા આપવાનું યોગ્ય માન્યું છે.

## વાતવાતમાં

● શહેરમાં પોલીસે હાથ ધરેલ ટ્રાફિક ડ્રાઈવે ભારે ઉત્તેજના ફેલાવી હતી. પોલીસની કાર્યવાહીની જાણ થતા ઘણા ટુ વ્હીલર ચાલકોએ હેલ્મેટ ખરીદેલ ના હોવાથી તેમને અડોશ-પડોશમાંથી હેલ્મેટ માંગીને બહાર નીકળવું પડયું હતું.

● ઘણા ત્રણ સવારીમાં પસાર થતા બાઈક ચાલકોએ પોલીસને જોઈ વધારાના જોડીદારને દૂરથી ઉતારી દીધા હતા. આ જોડીદાર ચાલતા ચાલતા પોલીસ પાસેથી પસાર થઈ આગળ આવે એટલે તેમને ફરી બેસાડી ત્યાંથી રવાના થઈ જતા હતા.

● ટ્રાફિક ડ્રાઈવમાં પોલીસ સાથે સૌથી વધુ બોલાચાલી મહિલા ચાલકોએ કરી હતી. મહિલા ચાલકો દંડની રકમ ચુકવવામાં વધુ આનાકાની કરતા હતા જેમાં કેટલીક મહિલાઓએ તો દંડની રકમ ભરવાના પૈસા જ નથી તેવા બ્હાના પણ બતાવ્યા હતા.

● ગાંધીનગર દક્ષિણ વિધાનસભા ધારાસભ્ય શંભુજી ઠાકોર નવી નક્કોર કાર લઈને સચિવાલય સંકુલમાં આવ્યા હતા તેમની નવી કાર જોઈને ઓળખીતા પાળખીતાઓએ કાર અંગે પૃચ્છા કરી લીધી હતી.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## આર.જી. કન્યા વિદ્યાલયનો ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી, ગાંધીનગર શાખા સંચાલિત શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાલાની વિદ્યાર્થીનીએ સેકટર-૧૫ (સાંઈ) ખાતે તા.૭-૧૨-૨૦૧૬ના રોજ યોજાયેલ જિલ્લા



કક્ષાના ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો. જેમાં શાળાના ઉ.મા. વિભાગના ધોરણ ૧૧-એ માં અભ્યાસ કરતી કુ. ભુવનેશ્વરી એચ. ચૌહાણે ગોળાફેંક સ્પર્ધામાં ૧૦.૬૭ મીટર દૂર ગોળો ફેંકીને સમગ્ર જિલ્લામાં પ્રથમ નંબર મેળવ્યો હતો જયારે ચક્ર ફેંક સ્પર્ધામાં ૨૧.૪૫ મીટર દુર ચક્ર ફેંકીને પ્રથમ નંબર મેળવ્યો હતો. સાથે બંને સ્પર્ધાઓમાં રૂ. પાંચ-પાંચ હજારનું રોકડ ઈનામ અને પ્રમાણપત્ર મેળવ્યા હતા. શાળાના સમગ્ર સ્ટાફે અને આચાર્યા શ્રીમતી સુધાબેન પટેલે વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવ્યા હતા. આ સ્પર્ધામાં તેણીને તૈયારી કરાવનાર શિક્ષિકા શ્રીમતી ઉર્વશીબેન જોષીને પણ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# રાયસણ ખાતે કન્સ્ટ્રકશન સાઈટ પર આઠમા માળેથી મજુર પટકાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક રાયસણ ખાતે પીડીપીયુ કોલેજ પાછળ કન્સ્ટ્રકશન સાઈટ પર કામ કરતો ૨૮ વર્ષીય મજુર બિલ્ડીંગના આઠમા માળેથી નીચે પટકાતા તેનું કમકમાટી ભર્યું મૃત્યુ નિપજયું છે. નોંધનીય બાબત છે કે કન્સ્ટ્રકશન સાઈટ પર કોન્ટ્રાકટરોની ગેરહાજરી ઉપરાંત સેફટી ઈકવીપમેન્ટ વિના જ મજુરોને કામે લગાડી દઈ કાયદાની ઐસી કી તૈસી કરીને દાખવવામાં આવતી બેદરકારીને પગલે મજુરોના મૃત્યુ થવાની ઘટનામાં ચિંતાજનક વધારો થયો છે.

રાયસણ ખાતે સ્થિત પીડીપીયુ કોલેજ પાછળ નવી બિલ્ડીંગ ખાતે ચાલી રહેલા બાંધકામ દરમિયાન

**૨૮ વર્ષીય મજુરનું મૃત્યુ : કન્સ્ટ્રકશન સાઈટ પર કોન્ટ્રાકટરોની બેદરકારીથી મજુરોના મૃત્યુના બનાવો વધ્યા**

આજે સવારે પોણા દશ વાગ્યાના અરસામાં આઠમા માળેથી એક મજુર પટકાયો હતો. મૂળ પટનાનો ૨૮ વર્ષીય મજુર ખુરશીદ મહમ્મદ મહમ્મદ તોફીન રેન ચણતર-પ્લાસ્ટર દરમિયાન નીચે પટકાતા ગંભીર રીતે ઘવાયો હતો. મિત્ર મહમ્મદ ઝાકીર તાત્કાલીક તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયો હતો. જો કે ત્યાં સુધીમાં મજુરનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. ઈન્ફોસીટી પોલીસને ઘટનાની જાણ થતા મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. કોન્ટ્રાકટરની બેદરકારી ખુલશે તો તેની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરાય તેવી શકયતા છે.



## પીડીપીયુ ખાતે ભારત સામે ઓસ્ટ્રેલિયા હાર્યું

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે છેલ્લા દસ દિવસથી ઓસ્ટ્રેલિયાના ૧૨ વિદ્યાર્થીઓ અને ૨ ફેકલ્ટી સાથેનું એક ડેલિગેશન સાયકોલોજી વિષયમાં સંશોધન અર્થે પધાર્યું હતું. ડેલિગેશનની મુલાકાતના અંતિમ દિવસે ૭ ઓવરની ક્રિકેટ મેચનું આયોજન કરાયું હતું. જેમાં ઓસ્ટ્રેલિયાની ટીમે ટોસ જીતી દાવ લેતા ૪ વિકેટે ૫૦ રન ફટકાર્યા હતા. જવાબમાં પીડીપીયુની ભારતીય ટીમે ૫૫ રન ફટકારી આ મેચ ૯ વિકેટે જીતી લીધી હતી. ક્રિકેટ મેચ રમી ઓસ્ટ્રેલિયન ડેલિગેશનના સભ્યો ખુબ જ આનંદિત થયા હતા.

## નિરંકારી મિશન દ્વારા નિ:શુલ્ક હોમિયોપેથિક નિદાન દવાખાનું શરૂ થશે

ગાંધીનગર, તા.૧૧

સંત નિરાકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા સંત નિરંકારી મિશનના સાંનિધ્ય હેઠળ ગાંધીનગર ખાતે માનવતાની સેવાના આશયથી સંત નિરંકારી સત્સંગ



ભવન સેકટર-૩૦ ગાંધીનગર ખાતે હોમિયોપેથી દવાખાનું ખોલવાનો સુંદર પ્રયાસ હાથ ધરેલ છે. હોમિયોપેથી દવાખાનાનું ઉદઘાટન તા. ૧૪મી ફેબ્રુઆરીએ સવારે સાડા દશ વાગે કરવામાં આવશે. દવાખાનાનો સમય દર ગુરૂવારે સાંજે ૬ થી ૮ કલાક તથા રવિવારે સવારે સાડા નવથી સાડા બાર સુધીનો રહેશે. સ્થળ- સંત નિરંકારી સત્સંગ ભવન, શાંતિવન સોસાયટી સામે, ચીપટાઈપ સામે, ૨૯-૩૦ના બસ સ્ટેન્ડ નજીક, સે-૩૦, ગાંધીનગર રહેશે. આ દવાખાનામાં નિ:શુલ્ક નિદાન કરવામાં આવશે તથા તદ્દન નજીવા દરે દવા પુરી પાડવામાં આવશે. દવાખાનામાં ડૉ. સીમાબેન ખીલવાણી સેવા આપશે. તો ગાંધીનગરની જનતાને સંત નિરંકારી સત્સંત ભવનના સંચાલક અને સંયોજક શ્રી જી.કે. ચુઘ તરફથી આમંત્રણ આપવામાં આવે છે. આ બાબતે વધુ માહિતી માટે ૯૯૭૮૪૦૬૫૬૮ અથવા શ્રીમતી લક્ષ્મી વાઘવાણી ૯૮૯૮૦૧૨૬૯૨નો સંપર્ક કરવા વિનંતી છે.

# પેથાપુરના સંજરી પાર્ક સામેથી મહિલા સહિત આઠ જુગારી પકડાયા



**પકડાયેલા શખ્સોમાં પેથાપુર નગરપાલિકાની ચુંટણીમાં ઝંપલાવનાર એક પતિનો સમાવેશ રૂ. ૩૫,૨૦૦નો મુદ્દામાલ જપ્ત**

ગાંધીનગર, તા.૧૧

પેથાપુરના સંજરી પાર્ક સામે ખુલ્લામાં જુગાર રમી રહેલા આઠ શખ્સોને પેથાપુર પોલીસે આજે બપોરે દરોડો પાડીને પકડી પાડયા હતાં. એક મહિલા સહિત આઠની રૂ. ૩૫,૨૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા આઠ શખ્સો પૈકી એક શખ્સ પેથાપુર નગરપાલિકા ચુંટણીમાં ઝંપલાવનાર મહિલા ઉમેદવારના પતિ હોવાનું જાણવા મળ્યું છે. પેથાપુર પોલીસે કાયેસરની કાર્યવાહી કરીને ગુનો દાખલ કર્યો છે.

પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાની ટીમે આજે બપોરે ચોકકસ બાતમીને આધારે સંજરી પાર્ક સામે ખુલ્લામાં રમાઈ રહેલા જુગાર પર દરોડો પાડયો હતો. દરોડો પાડીને જગ્યા કોર્ડન કરી પોલીસે એક મહિલા સહિત આઠ શકુનીઓને પકડી પાડયા હતા. પેથાપુરના તમામ રહેવાસી મહેન્દ્રસિંહ ધુળાજી પરમાર, સનાજી શાંતિજી ઠાકોર, લીયાકત હુસૈન બાકર હુસૈન શેખ, ભરતજી દશરથજી ઠાકોર, ચંદુજી બેચરજી ઠાકોર, આશિફ મકબુલભાઈ શેખ, હિતેશ બેચરજી ઠાકોર અને બસરૂતબેન ઈમ્બાલ મુલતાની મળીને આઠ શખ્સોની રોકડ રૂ. ૩૨૦૦, ચાર મોબાઈલ અને બાઈક મળીને કુલ રૂ. ૩૫૨૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી છે તે પૈકી હિતેશ ઠાકોર એ પેથાપુર નગરપાલિકાની ચુંટણીમાં કોંગ્રેસમાંથી ઉભા રહેલા મહિલા ઉમેદવારના પતિ હોવાનું જાણવા મળ્યું છે.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખેલ મહાકુંભમાં સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા.૧૧

ખેલ મહાકુંભ રમત સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ અન્ડર-૧૬ વોલીબોલ સ્પર્ધામાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલયે પ્રથમ નંબર મેળવ્યો હતો. આ સ્પર્ધામાં ચંપાવત સંગીતા, બિહોલા પ્રયંકા, ચૌધરી રીટા, ડાભી રીપલ, ચૌધરી ભારતી, શાહ ધ્રુવી, રાજપુત રોશની, પાલ પ્રિતી, દરજી શિવાજી અને પટેલ ક્રિનાએ ભાગ લીધો હતો. વિજેતા ખેલાડી બહેનોને શાળાના આચાર્યા શ્રી સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષિકા બહેનો સુતરિયા વિનાક્ષીબેન, ચૌધરી લીલાબેન તથા શાળા પરિવારે અભિનંદન પાઠવેલ છે.

## કોંગ્રેસના ગ્રાહક સુરક્ષા સેલના પ્રમુખ પદે કમલેશ જોષી

ગાંધીનગર જિલ્લાના રહીશો તેમજ ગ્રાહકોના પ્રશ્નોના નિકાલ, ફરીયાદો બાબતે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ ગ્રાહક સુરક્ષા સેલ ગાંધીનગરના પ્રમુખ તરીકે કમલેશ આર. જોષીની નિમણુંક કરવામાં આવી છે.

ગાંધીનગર, દહેગામ, કલોલ, માણસા સહિત તાલુકાના ગ્રાહકોને લગતા પ્રશ્નો, ફરિયાદો અંગેનું નિરાકરણ ગાંધીનગરના સે-૧૧, એ-૨, સુમનટાવર ખાતે સદર કાર્યાલય શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ગ્રાહકોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે.

# એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં વાલી ચિંતન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા દ્વારા શાળામાં અભ્યાસ કરતી ધો-૧ થી ૮ની વિદ્યાર્થીનીઓના વાલીશ્રીઓની ચિંતન શિબિરનું આયોજન શાળાના કેમ્પસમાં આવેલ શેઠ ખીમજી વિસરામજી એન્ડ સન્સ સંસ્કાર ભવનમાં કરાયું હતું. આ ચિંતન શિબિરમાં શાળાના અનુભવી શિક્ષક શ્રી સુધાબેન પટેલ, શ્રી પ્રવિણાબેન પટેલે પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. શાળાના મદદનીશ શિક્ષકશ્રી ચંદ્રકાંતભાઈએ શાળા દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ તથા તેનું ઉત્તમ જીવન ઘડતર થાય તે માટેના સુચનો કેમ્પસમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓની સલામતી તથા અભ્યાસ અંગેના નિયમો અને શાળામાં થતી સહઅભ્યાસ પ્રવૃત્તિની વિસ્તૃત માહિતી આપી હતી. આ શિબિરમાં ઉપસ્થિત વાલીશ્રીઓએ સુંદર પ્રતિભાવો મૌખિક તથા લેખિતમાં આપી શાળાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. શાળાના આચાર્યાશ્રી નીરૂબેન જે. પટેલે વાલીઓના પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપ્યા હતા અને ઉપસ્થિત તમામ વાલીશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.

## ગાંધીનગરમાં રમતવીરોને રાજયકક્ષાના વિવિધ એવોર્ડ અપાશે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત રાજયમાં રમત ગમત ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરનાર રમતવીરોને વિવિધ એવોર્ડ આપી ગાંધીનગર ટાઉનહોલ ખાતે તા. ૧૫મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ કલાકે સન્માનીત કરવામાં આવશે. જેમાં રાજયના રમત-ગમત મંત્રી ખાસ ઉપસ્થિત રહેશે.

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત રાજય ગાંધીનગરના ઉપક્રમે રમત-ગમત, સાહસ-શૌર્ય, સેવા અને જાહેર સુખાકારી ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર રાજયના ખેલાડીઓ વ્યકિતઓ માટે એવોર્ડ સમારોહ યોજાશે. જેમાં સરદાર પટેલ સિનિયર, સરદાર પટેલ જુનિયર, જયદિપસિંહજી સિનિયર જયદિપસિંહજી જુનિયર, સાહસ-શૌર્ય ક્ષેત્રે તથા સેવા અને જાહેર સુખાકારી ક્ષેત્રે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવશે.

આ સમારંભના અધ્યક્ષ તરીકે રમતગમત-યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિના મંત્રી નાનુભાઈ વાનાણી હાજર રહેશે. તા. ૧૫મી ફેબ્રુઆરી ૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૧૦ કલાકે ટાઉનહોલ ખાતે કાર્યક્રમ યોજાશે.

# હવે, મુસાફરો ભરવામાં ‘વાન’ના સ્થાને ‘ઈકો’

## પથિકાશ્રમ, ઘ-૬, ચિલોડા સર્કલ તથા અનેક સ્થળોએથી બસના સમાંતર મુસાફરોની ગેરકાયદેસર વહન પ્રવૃત્તિ

ગાંધીનગર, તા.૧૧

ખાનગી રીતે મુસાફરો ભરીને લઈ જતાં અસંખ્ય વાહનો પૈકી થોડા સમય અગાઉ વાનની બોલબાલા હતી. પરંતુ હમણાંથી આ વાનની જગ્યાએ ઈકો નામની ગાડીઓ માર્ગો ઉપર દોડતી નજરે પડી રહી છે. જે જગ્યાએથી એસ.ટી. બસો મુસાફરો બેસાડતી હોય ત્યાં જ આ ઈકો ગાડીઓ અડીંગો જમાવી દે છે અને મુસાફરોને ગેરકાયદેસર રીતે મુસાફરી કરાવે છે. એસ.ટી. બસોને કરોડોના નુકસાનમાં ઉતારતી આ પ્રવૃત્તિમાં પોલીસના કેટલાક કર્મીઓ અને ખાનગી માણસો સામેલ હોવાનું સરેઆમ ચર્ચાઈ રહ્યું છે ત્યારે વાહનચાલકો માટે લદાયેલો આકરો દંડ આ પ્રવૃત્તિને પણ લાગુ પાડવા જિલ્લા પોલીસ વડા સક્રિય બને તેવી માંગ ઉઠવા પામી છે.

રાજયના દરેક શહેરો અને એસ.ટી. બસ ડેપો તથા પીક અપ બસ સ્ટેન્ડ નજીક ખાનગી વાહન ચાલકોનો જમાવડો થયેલો હર હંમેશ જોવા મળે છે. આ જમાવડામાં પહેલા વાન નામનું વાહન મુસાફરી માટે સૌથી વધુ ચલણમાં હતું જેમાં હવે બદલાવ આવીને ઈકો નામની ગાડીઓ વધી ગઈ છે. માર્ગો ઉપરથી વાન અદ્રશ્ય થઈ ગઈ છે. વધુમાં ખુલ્લે આમ ખીચોખીચ મુસાફરો ભરીને ગેરકાયદેસર વેપલો કરતાં આ વાહન ચાલકો ઉપર પોલીસની હરહંમેશ રહેમ નજર જ રહી છે. રાજય સરકારે ટ્રાફિક નિયમોના ભંગ માટે ટુ વ્હીલર અને ફોર વ્હીલર માટે આકરા દંડની જોગવાઈ કરી નિયમોના પાલન માટે કટિબધ્ધ બની છે ત્યારે રાજયની આવી ગેરકાયદેસર પ્રવૃત્તિને જાણે કે કોઈ જ નિયમ લાગુ પડતો ન હોય તેમ બિન્દાસ મુસાફરોનું વહન કરે છે.


(તસવીર : નટુભાઈ પટેલ)

એસ.ટી. બસની સમાંતર જ દોડતા આ પ્રકારના વાહનોથી નિગમને કરોડોનો ચુનો લાગે છે છતાં આ પ્રવૃત્તિ બેરોકટોક વર્ષોથી ચાલી જ રહી છે. કહેવાય છે કે મુખ્યત્વે આ પ્રકારના વાહનો પોલીસ કર્મીઓના જ હોવાથી કોઈ જ પ્રકારના દંડ કે અટકાયત થતી નથી. વધુમાં વર્ષમાં એક કે બે વાર કોઈ ઉચ્ચ અધિકારીની તપાસ હોય ત્યારે આ પ્રવૃત્તિ બંધ રાખી બીજા જ દિવસથી ચાલુ કરી દેવાય છે. તાજેતરમાં સ્કુલ વર્ધીના વાહનોને ડીટેઈન કરવાની મર્દાનગી બતાવતી પોલીસ આ પ્રવૃત્તિ માટે કેમ નબળી પડે છે તેવા અણીયાલા સવાલો પણ ઉભા થયા છે. વાહન વ્યવહાર મંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા દ્રઢ નિશ્ચય કરી મુસાફરોના માથે ઝબુળંતા મોત સમાનની આ મુસાફરી અંગે ખાનગી દરોડા પાડે તો અનેક મોટા માથા સંડોવાયેલા હોવાનું બહાર આવવાની શકયતા છે આમ સમાન કાયદાનું પાલન થાય તે ઈચ્છનીય બન્યું છે.

## બિલોદરામાં હોમીયોપેથી કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

બિલોદરાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે હોમીયોપેથી સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં તમાકુ વ્યસન મુકિત, મસા તેમજ પથરીનું નિદાન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો.

આ કેમ્પમાં જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર, માણસા તાલુકા પંચાયતના પ્રમુખ જગતસિંહ બિહોલા, જિલ્લા આયુર્વેદ અધિકારી ભાવનાબેન પટેલ, બિલોદરા જિલ્લા પંચાયતના સદસ્ય કિર્તીબેન પટેલ તેમજ બિલોદરા ગામના સરપંચ અમૃતજી ઠાકોર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બિલોદરાના ડૉ. યોગીનીબેન વ્યાસ, આયુષ, આનંદ બારોટ તેમજ સમગ્ર સ્ટાફ ગણ ઉપસ્થિત રહ્યા હતા. હોમિયોપેથી મેડીકલ ઓફીસર પ્રકાશ પંડયા અને ડૉ. મહેશ દેસાઈએ કેમ્પની કામગીરીમાં ફરજ બજાવી હતી.

## ચિરવિદાય

- સ્વ. મંગુબેન મોહનલાલ કડીયા, ઉ.વ. ૯૨
- સ્વ. રોહિતભાઈ ગજાનંદ દવે, ઉ.વ. ૭૩
- સ્વ. આશાબેન ગોવિંદજી ઠાકોર, ઉ.વ. ૩૨